# ગાંધીનગરમાં વિશ્વ આરોગ્ય દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૭

આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે આજે ગાંધીનગરમાં વિશ્વ આરોગ્ય દિન ઉજવણી સમારોહમાં અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે, માનવીના સર્વાંગી વિકાસના ધ્યેયો હાંસલ કરવા માટે સમગ્ર વસ્તીની વધતી જતી ઉંમરના સંદર્ભે ચિંતન જરૂરી છે. વિશ્વ આરોગ્ય દિન લોકોના આરોગ્ય અને સુખાકારીના રક્ષણ માટે સંયુકત ધોરણે કાર્યવાહી શરૂ કરવાની તક આપે છે ત્યારે વધતી જતી ઉંમર અને આરોગ્ય અંગે નવા અને ઉભરતા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરીને આપણા સૌ માટે લાભદાયી થતા રહે તેવા ઉપાયો પ્રયોજવા માટે સહિયારી રીતે પ્રવૃત્ત થવું જોઈએ.

ગાંધીનગરના ટાઉનહોલમાં વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કાર્યક્રમમાં રાજ્યભરમાં આરોગ્ય ક્ષેત્રે વિવિધ નોંધપાત્ર સેવાઓ આપનારાને આરોગ્ય મંત્રીશ્રીએ પારિતોષિક એનાયત કર્યા હતા. વૃદ્ધ વ્યક્તિઓ સમાજની અમૂલ્ય પૂંજી છે તેમ જણાવી આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત સરકારે વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી માટે ''સારું આરોગ્ય ઉંમરને જીવન બક્ષે છે''નો ધ્યેય રાખીને અને આ ધ્યેયની પરિપૂર્તિ માટે વૃદ્ધ વ્યક્તિઓ માટે વિવિધ આરોગ્ય વિષયક ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લી સદી દરમિયાન લોકોની આવરદામાં વધારો થયો છે. દરેક દેશમાં લોકોની ઉંમર વધતી રહી છે. આ અંગેની વિગતો આપતાં આરોગ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ૧૯૮૦ પછી અત્યાર સુધીમાં ૬૦ કે તેથી વધુ ઉંમર ધરાવતી વ્યક્તિઓની સંખ્યા વિશ્વમાં બમણી થઈ ચૂકી છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં ૮૦ વર્ષની ઉંમરે પહોંચનારી વ્યક્તિઓની સંખ્યા ચાર ગણી વધીને ૩૯.૫ કરોડ થશે અને વડીલોની સંખ્યા ૧૪ વર્ષના બાળકોની સંખ્યા કરતાં વધી જશે. આ હકીકતના કારણે વૃદ્ધત્વની સાથે સંકળાયેલી બાબતો પ્રત્યે ભારતીય સંસ્કૃતિમાં ચીંધેલા રાહ પ્રમાણે આજીવન આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવી પડશે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિશ્વ આરોગ્ય દિન ઉજવણી અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા મોટી ઉંમરના લોકોની તંદુરસ્તી જળવાઈ રહે અને અશક્તતા ઓછી થાય તેમજ વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્યની સંભાળ તેમના આરોગ્યની સુખાકારીમાં વધારો કરે તે માટે જનજાગૃતિ સહિતના આરોગ્ય જાળવણીના નક્કર આયોજન કરાશે. મંત્રીશ્રીએ ડાયાબીટીસ, હાઈપર ટેન્શન જેવા રોગોની તપાસ-સારવાર, મોતિયો, ઝામર અને આંખના રોગની સારવાર માટે રાજ્યમાં થયેલી ઉત્તમ આરોગ્ય વિષયક વિગતો આપીને કહ્યું કે, સિવીલ હોસ્પિટલ, અમદાવાદમાં સાંધાને બદલવાની અત્યાધુનિક રોબોટીક સર્જરીની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરાઈ છે. વિશ્વમાં સૌથી વધુ ઢાંકણી બદલવાના ઓપરેશન અહીં શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ હોવાથી ગુજરાતમાં થાય છે, તેમ જણાવી મંત્રીશ્રીએ દેહદાન, ચક્ષુદાનમાં ગુજરાતને અગ્રીમ રાજ્ય ગણાવ્યું હતું.

પ્રારંભમાં એન. આર. એચ. એમ.ના મિશન ડાયરેકટર શ્રી અંજુ શર્માએ રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારને અભિનંદન આપી નવા પડકારોના સામના માટે પણ સજ્જ રહીને રાષ્ટ્રભરમાં નમૂનેદાર કામગીરી કરવા હાકલ કરી હતી.

સ્વાગત પ્રવચન અધિક નિયામક શ્રી પરેશ દવેએ કર્યું હતું. જયારે આભારદર્શન પરિવાર કલ્યાણ નિયામકના અધિક નિયામક શ્રી ડી. કે. પટેલે કર્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના સચિવ શ્રી હરિત શુકલ, ડૉકટર સેલના પ્રમુખ ડૉ. અનિલભાઈ, ડૉ. પ્રભાકર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- ભિલાડ હાઈવે નજીક ૧.૨૦ કરોડના કોપર ભરેલી ટ્રકની લૂંટ.
- ગાંધીજીને દાંડીયાત્રાને ૮૨ વર્ષ પૂર્ણ થતા નવસારીમાં પદયાત્રા યોજાઈ.
- દાહોદમાં ૪ દિવસમાં અધધ ૨૦૦ દબાણોનો સફાયો કરાયો.
- જૂનાગઢમાં ધો-૧૧ સાયન્સની છાત્રાનો આપઘાત.
- જામનગરમાં આઈપીએલ પર સટ્ટો રમાડતા ૧૧ શખ્સો ઝડપાયા.
- ચોટીલામાં ચૈત્રી પુનમે ૨.૫૦ લાખ જેટલા ભાવિકોએ ચામુંડા મા ના દર્શન કર્યા.
- કોડીનારના સરણેજ ગામેથી છ માસનું ભૃણ મળી આવ્યું.
- વડોદરાના ચાણસદમાં ભારે કોમી ધિંગાણું : દસથી વધુને ઈજા.
- અંબાજી નજીક ત્રિશુળિયા ઘાટ પાસે યાત્રિકો ભરેલું ટ્રેકટર પલટયું.
- દેલવાડામાં ભમરાના આતંકથી નાસભાગ : ૧૩ ઈજાગ્રસ્તોને શંખલપુર શિબિલમાં દાખલ કરાયા.
- ઊંઝાની તમામ બેંકોમાં સીસીટીવી કેમેરા લગાવવા પોલીસનો આદેશ.
- ભાવનગર નજીક હાથસણીમાં સાવજનો આતંક : ત્રણ દિવસમાં ૧૨ પશુના મારણ

## કંપની સમાચાર

### ભારતમાં રૂા. ૭૦,૦૦૦ કરોડના ફર્નિચર ઉદ્યોગને અનુલક્ષીને ટિમ્બોર હોમનું નવું સાહસ 'ટિમ્બોર સ્કીલવર્સિટી'

ભારતની એકમાત્ર ફુલ્લી ઈન્ટીગ્રેટેડ ફર્નિચર બનાવતી કંપની ટિમ્બોર હોમ લિમિટેડ દ્વારા ભારતની નવી પેઢી માટે રોજગારલક્ષી વિશેષ સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ ઓફર કરતું એક ખાસ સાહસ 'ટિમ્બોર સ્કીલવર્સિટી' શરૂ કરવામાં આવ્યું છે. ભારતમાં ફર્નિચર ઉદ્યોગનું બજારકદ રૂા. ૭૦,૦૦૦ કરોડથી વધુ છે, જેમાં ૩ લાખ લોકોને રોજગારી પૂરી પડાય છે. ભારતીય ફર્નિચર ઉદ્યોગમાં સંગઠિત ક્ષેત્રનો ફાળો માત્ર ૧૫ ટકા જેટલો છે અને તેનો વૃદ્ધિદર ૩૦ ટકા પ્રતિ વર્ષ છે. ટિમ્બોલ હોમના ડેવલપમેન્ટ સાહસને ગુજરાત સરકારના ઉદ્યોગ નિયામક અને સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ તરફથી ટેકો મળ્યો છે.

આ નવા સાહસ અંગે ટિમ્બોર હોમ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર અનંત માલૂ જણાવે છે કે, ''ગુજરાતમાં સીધી રીતે જ પીએમઓ અને સીએમઓ દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ મિશન ઉપર ધ્યાન આપી રહ્યા છે અને તેને લીધે કૌશલ્ય વિકાસની પ્રાથમિકતા વધી ગઈ છે. કુશળ બનો, રોજગારી મેળવોના જરૂરીયાત પ્રમાણેની સ્કીલ શિખવીને તેમને રોજગારી મેળવવામાં મદદરૂપ નીવડશે. હવે ભારતીય ફર્નિચર બજારમાં વધુને વધુ સંગઠિત કંપનીઓ આવી રહી છે.''

### ફેબ્રુઆરી ૨૦૧૨માં ગુજરાતમાં યુનિનોર નં. ૧

યુનિનોર તેના ૧૩ કોમર્શિયલ સર્કલ્સમાં મજબૂત ગ્રાહક વૃદ્ધિદર જાળવી રાખ્યો છે. ગુજરાતમાં ફેબ્રુઆરી ૨૦૧૨ દરમિયાન યુનિનોરમાં સૌથી વધુ ગ્રાહકોનો ઉમેરો થતાં ગ્રાહક વૃદ્ધિની દૃષ્ટીએ તે નંબર -૧ બની છે. એકલા ફેબ્રુઆરીમાં ચાર લાખથી વધુ (ટ્રાઈ મુજબ) ગ્રાહકોએ યુનિનોરની સર્વિસીસ પસંદ કરી છે, જે અત્યાર સુધીનો યુનિનોર દ્વારા સૌથી ઊંચો વધારો છે. આ બાબત સ્પષ્ટપણે 'યુનિનોર એટલે ફાયદો' અભિયાનની સફળતા દર્શાવે છે. આ અભિયાન હેઠળ ગ્રાહક રિર્ચાજની રકમ કરતાં વધુ ટોકટાઈમ મેળવે છે.

ઉપરાંત વર્ષ ૨૦૧૧માં એકંદરે યુનિનોર ગુજરાત ગ્રાહક ઉમેરવાની બાબતમાં બીજા ક્રમે હતી અને આ સમયમાં તેણે ૧૬ લાખથી વધુ ગ્રાહકોનો ઉમેરો કર્યો હતો. આ સમયમાં યુનિનોરે રાજ્યમાં બધા જ પ્રતિષ્ઠિત ટેલિકોમ ઓપરેટરને પાછળ પાડી દીધા હતા. ગુજરાતમાં તેની આ સફળતાની ઊજવણી કરતાં યુનિનોરના મેનેજિંગ ડિરેકટર સીગ્વે બ્રેકેએ આજે બજારની મુલાકાત લીધી હતી અને અમદાવાદમાં ગ્રાહકો, રીટેલર્સ, વિતરકો અને કર્મચારીઓને મળ્યા હતા તથા યુનિનોર પ્રત્યે તેમની કટિબદ્ધતાના વખાણ કર્યા હતા.

# પાંચ વર્ષમાં ગામડાની રોનક બદલાઈ જાય એવું સબળ નેતૃત્વ પુરું પાડીએ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૭

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તર ગુજરાતની તમામ સમરસ ગ્રામ પંચાયતો અને સમરસ સરપંચોનું અભિવાદન અને પ્રોત્સાહક અનુદાનનું વિતરણ કરતાં જણાવ્યું કે, સમરસ ગામને વ્યાપક પ્રતિસાદ આપીને ગુજરાતે હિન્દુસ્તાનને લોકશાહીની ઉત્તમ પ્રણાલીની દિશા બતાવી છે.

ગામ આખું સર્વસંમતિથી ગ્રામ પંચાયતની જવાબદારી સોંપે ત્યારે જ ગામમાં વિકાસ માટેની એકમતીનું ઉત્તમ વાતાવરણ સર્જાય છે, એમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ પાંચ વર્ષમાં એવા ઉત્તમ વહીવટ કરવાનું આહ્‌વાન કર્યું હતું કે, ગામની સુખાકારીની આખી રોનક બદલાઈ જાય. આ માટે વધારાના નાણાની પણ જરૂર નથી, નેતૃત્વની જરૂર છે.

રાજ્યની સમરસ ગ્રામ પંચાયતો અને સમરસ સરપંચોનું અભિવાદન કરવાના મુખ્ય મંત્રીશ્રીના આ ઉપક્રમના છેલ્લા ચરણમાં કડી ખાતે ઉત્તર ગુજરાતના ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા એમ પાંચ જિલ્લાઓની ૨૧૬ સમરસ ગ્રામ પંચાયતોના સમરસ સરપંચોનું અભિવાદન કરવાના આ ગૌરવપૂર્ણ સમારોહમાં રૂા. ૪.૪૦ કરોડના પ્રોત્સાહક વિકાસ અનુદાનોનું વિતરણ મુખ્ય મંત્રીશ્રીએ કર્યું હતું.

રાજ્યની ૨૧૨૩ સમરસ ગ્રામ પંચાયતોને રૂા. ૫૫.૬૨ કરોડના પ્રોત્સાહક પુરસ્કારો મુખ્ય મંત્રીશ્રીએ આપ્યા છે.

સમરસ ગ્રામ પંચાયતની રચના માટે સમસ્ત ગ્રામજનોએ સર્વસંમતિથી પસંદગી કરી તે ગુજરાતની લોકશાહીએ પાડેલી ઉત્તમ પ્રણાલી છે, એમ જણાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ માટેના ગ્રામ પંચાયતના કારોબારમાં એકમતીનું વાતાવરણ સર્જવા માટે સમરસ ગ્રામજનોને પણ અભિનંદન આપ્યા હતા.

વિપક્ષે સમરસ ગ્રામ પંચાયતની પસંદગીને લોકશાહીનું ખૂન કરવા જેવી કાગારોળ મચાવેલી તેની ટીકા કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી સર્વસંમતિથી થાય તો લોકશાહીની જીત ગણાય પણ ગુજરાતના ગામડાં સર્વસંમતિથી આખી ગ્રામ પંચાયત સમરસ ચૂંટાઇ તો લોકશાહીનું ખૂન કઇ રીતે કહેવાય? વિપક્ષ પાસે આનો જવાબ નથી. સમરસ ગ્રામ પંચાયતોમાં સમસ્ત કારોબાર ગામની મહિલાશક્તિના હાથમાં સોંપીને પુરૂષોએ સ્વેચ્છાએ પોતાના પદ-પ્રતિષ્ઠાના અધિકારો છોડી દીધા એ ઐતિહાસિક ઘટના પણ ગુજરાતની ઉત્તમ લોકશાહીનું દ્રષ્ટાંત પુરું પાડે છે. રાજ્ય સરકારે પંચાયતો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવા માટે વૈધાનિક પ્રસ્તાવ પસાર કરેલો છે. પરંતુ રાજયપાલશ્રી પાસે અનિર્ણિત છે તેનો અફસોસ વ્યકત કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની મહિલાશક્તિને લોકશાહી વહીવટમાં ભાગીદાર બનાવવાની તક સમરસ ગ્રામ પંચાયતોએ પૂરી પાડી છે.

પાંચ વર્ષમાં ગ્રામ પંચાયતનો વહીવટ એવો કરીએ કે ગામની આખી રોનક બદલાઈ જવી જોઈએ. વિકાસ અને સુખાકારીથી પ્રત્યેક ગામ ધબકતા રહેવા જોઈએ. ગામમાં ઉકરડાંનું નામોનિશાન ન રહે અને કચરામાંથી કંચન પેદા કરવાની નવી દિશાનું નેતૃત્વ લેવા મુખ્ય મંત્રીશ્રીએ સમરસ સરપંચોને પ્રેરક આહ્‌વાન કર્યું હતું. આવા અનેક નાના કામો માટે નવા બજેટ કે નવા નાણાંની જરૂર નથી, નેતૃત્વની પહેલ કરવાની છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

# ખાદ્યતેલોના ભાવવધારા સામે કેન્દ્ર સરકારની અવળી નીતિ જવાબદાર

ગાંધીનગર, તા. ૭

ઉત્તર ગુજરાતમાં કડી ખાતે મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયમાં ખાદ્યતેલોમાં સીંગતેલનો વપરાશ હવે માત્ર ચાર ટકાનો જ રહ્યો છે. બાકી તો કપાસીયા તેલ જ ખાદ્યતેલ વપરાય છે પરંતુ ભારત સરકારે કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મુકી દેતાં કપાસની મિલોમાં કપાસીયાનું પિલાણ થતું નથી તેથી કપાસીયા ખાદ્યતેલના ભાવો વધી રહ્યા છે.

કપાસીયાના તેલ વગર ગુજરાતની ગૃહિણી ખાદ્યતેલની મોંઘવારીથી પીડાઈ રહી છે. ભારત સરકારે કપાસની નિકાસબંધી કરીને ખેડૂતોને બેહાલ કરી દીધા. હજુ આ નિકાસબંધીનો અવળો નિર્ણય ચાલુ છે તે તાત્કાલિક ધોરણે ઉઠાવી લેવો જોઈએ.

જેથી કપાસીયાનું પિલાણ પૂર્વવત્ થાય અને કપાસીયાના ખાદ્યતેલનો પુરવઠો પૂર્વવત્ બને તો ખાદ્યતેલના ભાવો ઘટી જશે. કેન્દ્રની કોંગ્રેસ સરકાર આ ગુજરાતને અન્યાય કરવા જ પ્રતિબદ્ધ છે ત્યારે ગુજરાતની ગૃહિણીની આ પીડા તેના કાને પડશે કે કેમ એવી દહેશત તેમણે વ્યકત કરી હતી.

## શબ્દાવલી - ૪૬૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ■ | ૧૧ | | ■ | ૧૨ | ■ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | ■ |

**આડી ચાવી**

૧. મતભેદ, ઝઘડો (૪)
૫. બોર જેવું નાનું ફળ (૩)
૭. જૂની રૂઢીના વિચારવાળુ (૪)
૮. જબરા, કાચા ના હોય તેવા (૨)
૯. પતંગ ચડાવી પછી કાગળનું ફાનસ ચડાવે તે (૪)
૧૧. હાથ, વેરો (૨)
૧૩. જુસ્સો, હોંશ (૨)
૧૪. વજનદાર વસ્તુને ઊંચકવાની યાંત્રિક કરામત (૨)
૧૫. જોઈ તેટલુ, .... પ્રમાણે (૨)
૧૭. કમાવુ (૩)
૧૮. તમારું (૨)
૧૯. હક્ક, લાગો (૨)
૨૦. બોલાવ (ગામઠી ભાષા) (૨)
૨૨. મંજૂરી, છુટ્ટી (૪)
૨૩. ખેલાડીની ટૂકડી (૨)

**ઊભી ચાવી**

૧. ખારેક જેમાંથી થાય તે ફળ (૩)
૨. એક માપ-વજન (૨)
૩. 'પારાવાર' શબ્દ આડોઅવળો (૪)
૪. નાચી-ગાઈ લોકોને ખુશ કરી ગુજરાત ચલાવતી સ્ત્રી (૩)
૫. રફ, કામ વગરનું (૩)
૬. સમ્મિલિત, સહભાગી (૩)
૧૦. લાકડુ કાતરવાનું એક સાધન (૪)
૧૧. મસ્તક ધરાવવું તે (૫)
૧૨. ચર્ચા, વાતનો ઉહાપોગ (૪)
૧૩. જોરવાળુ, જોરાવર (૪)
૧૬. લંકેશ, લંકાનો રાજા (૩)
૨૦. ખરાબી, અનીતિ (૨)
૨૧. કમર, કેડ (૨)

**શબ્દાવલી ૪૬૯૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ઝાંઝર (૪) સદાચાર (૮) વેજા (૯) નરઘુ (૧૦) ધરા (૧૧) વસવસો (૧૩) રોતલ (૧૫) ખો (૧૬) ખખડધજ (૧૯) સવાલ (૨૧) રાજન (૨૩) પરખુ (૨૪) દાહ (૨૫) સવારસાંજ

**ઊભી ચાવી :-** (૧) ઝવેરાત (૩) રજા (૫) દાનવ (૬) ચારસો (૭) રઘુ (૧૦) ધરો (૧૨) સગડ (૧૪) લખલખુ (૧૭) ધરાહાર (૧૮) જજ (૧૯) સપથ (૨૦) વાડ (૨૨) નરાજ (૨૪) દાવા

## આજે ગાંધીનગરમાં સમસ્ત બ્રહ્મસમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૭

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી દિવસોમાં સમૂહલગ્ન અને સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આવતીકાલ તા. ૯ એપ્રિલના રોજ રાત્રે ૯.૩૦ કલાકે બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે એક અગત્યની બેઠક યોજાશે. તો આ બેઠકમાં સમસ્ત બ્રહ્મસમાજના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

## કોંગ્રેસ દ્વારા ૧૦મી એપ્રિલથી રાજ્યમાં જનસંપર્ક પરિવર્તન યાત્રા કાઢવામાં આવશે

અમદાવાદ, તા. ૭

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી ૧૦મી એપ્રિલથી ૨૫ જિલ્લાઓને સાંકળી લેતી જનસંપર્ક પરિવર્તન યાત્રાનો પ્રારંભ કરનાર છે. આ યાત્રા ચાર મહાપાલિકા અને ૧૫૯ નગરપાલિકા વિસ્તારમાં ફરશે.

આ અંગેની વિગતો આપતાં પ્રદેશ કોંગ્રેસ અર્બન એરીયા કમિટિના ચેરમેન અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરી અમીને જણાવ્યું હતું કે જનસંપર્ક પરિવર્તન યાત્રામાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયા જોડાશે. ૧૧ દિવસ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહીલ, ૧૧ દિવસ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા જોડાશે.

આ યાત્રા દરમ્યાન ભાજપની સરકારના ભ્રષ્ટાચારો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, લૂંટ, બેરોજગારી જેવા મુદ્દાઓને ઉઠાવવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણનું વ્યાપારીકરણથી લાખો રૂપિયાના ડોનેશનની ઉઘરાણી કરતી શાળા કોલેજો, આરોગ્યની સુવિધાઓનો અભાવ, ખેડૂતોને પુરતી વીજળી ન મળતી હોય, અસહ્ય વેટનો વધારો, સમગ્ર દેશમાં પેટ્રોલ ડીઝલના સૌથી મોંઘુ ગુજરાતમાં હોવાના પ્રશ્નોને ઉજાગર કરતી પત્રીકાઓ પણ વહેંચવામાં આવશે. આ યાત્રા દરમ્યાન ભાજપની પોલ ખોલવામાં આવશે એમ તેમણે જણાવ્યું છે.

# આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ ૧૫ સેવાભાવી વિરલાઓને ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૧-૧૨થી સન્માનાશે

ગાંધીનગર, તા. ૭

સેવા પરમોધર્મ, પરમદુઃખને પોતાનું દુઃખ સમજનાર, પ્રામાણિકતાનું જીવનમાં દર્શન કરાવનાર વિરલ વ્યક્તિઓને સન્માનિત કરવાનું આયોજન આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સતત ત્રીજા વર્ષે શહેરના સરદાર વલ્લભભાઈ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ ખાતે તા. ૮મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું છે. આ સન્માન સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમતિ ડૉ. કમલા બેનીવાલના વરદ્ હસ્તે રાજ્યના ૧૪ અને ૧ પરપ્રાંતીય વિરલ વ્યક્તિનું 'ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૧-૧૨' સન્માન કરવામાં આવશે.

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ અને જાણીતા સી.એ. આર.એસ. પટેલે 'ધરતી રત્ન એવોર્ડ' ૨૦૧૧-૧૨' અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે 'છેલ્લા ત્રણ વર્ષથી અમે આ એવોર્ડ દ્વારા ગુજરાતના માનવ રત્નોને પ્રકાશિત કરીએ છીએ. આ વર્ષે કુલ ૧૫ વિરલ વ્યક્તિઓનું 'ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૧-૧૨'થી સન્માન ગુજરાતના રાજ્યપાલ શ્રીમતિ ડૉ. કમલા બેનીવાલના વરદ્ હસ્તે કરવામાં આવશે.'

આ અંગે વધુ માહિતી આપતા આર.એસ.પટેલે જણાવ્યું હતું કે 'ચાલુ વર્ષે ધરતી રત્ન એવોર્ડ માટે કુલ ૫૭ નામાંકન આવ્યા હતા. આ નામાંકન પૈકી જેઓએ પોતાનું સમગ્ર જીવન ધનઉપાર્જનની આશા વિના કેવળ માનવસેવામાં સમર્પિત કર્યો હોય તેવી છ વિરલ વ્યક્તિઓને 'ધરતી રત્ન એવોર્ડ' ની કેટેગરી 'અ' માટે પસંદ કરવામાં આવી છે. જ્યારે પોતાના નિત્યકર્મ દ્વારા મુલ્યવાન માનવસેવામાં ફાળો આપવામાં પાછીપાની કરી ના હોય તેવી નવ વિરલ વ્યક્તિઓને 'ધરતી રત્ન એવોર્ડ'ની કેટેગરી 'બ' માટે પસંદ કરવામાં આવી છે.

'ધરતી રત્ન' એવોર્ડ-૨૦૧૨-૧૩'ની કેટેગરી 'અ'માં ડી. ભરત ભગત-અમદાવાદ, પ્રો. ભાસ્કરાય યોગેન્દ્રરાય મહેતા-ઈડર, કુલનિકાંત ચાંપશી લુઠીયા-મુંબઈ, કરશનભાઈ ગાંડાભાઈ સોલંકી - સુરેન્દ્રનગર, જીતુ તથા રેહાના-રાજકોટ, પુરૂષોત્તમ જીવનલાલ પંચાલ - વડોદરાનો સમાવેશ થાય છે, જ્યારે કેટેગરી 'બ'માં સત્યજીત તથા સાગર-જામનગર, શ્રીમતિ ઉષાબેન શુકલ - અમદાવાદ, મહમદ શાકિર અબ્દુલ હકિમ અન્સારી - અમદાવાદ, મહમંદ અનવર અબ્દુલકાફી શેખ - અમદાવાદ, ડૉ. તેજસ છોટુભાઈ નાયક - અમદાવાદ, જશુભાઈ ચંદુલાલ શાહ (મીઠાવાળા) - સાબરકાંઠાનો સમાવેશ થાય છે. 'ધરતી રત્ન એવોર્ડ ૨૦૧૨-૧૩'ની પસંદગી સમિતિના ચેરમેન જસ્ટીસ સી.કે. ઠક્કર - પૂર્વ ન્યાયાધીશ સુપ્રીમ કોર્ટ, પ્રવિણભાઈ કે. લહેરી - પૂર્વ ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય, કનુભાઈ એમ. પટેલ - સીએમડી, મોન્ટેકાર્લો કન્સ્ટ્રકશન એ સમિતિના સભ્યો તરીકે સેવા આપી હતી.

# શિહોરી મુકામે મામલતદાર કચેરીના નવીન મકાનનો લોકાર્પણ સમારોહ યોજાયો

શિહોરી, તા. ૬

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે રાજયના મહેસૂલ મંત્રી આનંદીબહેન પટેલના હસ્તે કાંકરેજ મામલતદાર કચેરીના નવીન મકાનની લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી.

આ લોકાર્પણ વિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન કરી રાજય સરકારના વિકાસ તથા સિધ્ધીઓનું વર્ણન કર્યું હતું. નવીન બનાવેલ આ મામલતદાર કચેરીના મકાનમાં કોન્ફરન્સ હોલ, ઈધરા, વોટરરૂમ, ટોયલેટ, સબરજીસ્ટ્રાર કચેરી, સ્ટાફરૂમ, રેકર્ડરૂમ, મીટીંગ હોલ વગેરે કચેરીઓની સવલત ઉભી કરાઈ છે. રૂ. ૧૫૮ લાખના ખર્ચે નિર્માણ પામેલ આ ભવનમાં પાર્કિંગ તથા અન્ય પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે. ઉપરાંત કાર્યક્રમમાં કાંકરેજના વાદી સમાજને કુલ ૯૦ સનદો આપી ૯૦ પ્લોટો ફાળવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રમ રોજગાર મંત્રી લીલાધર વાઘેલા, ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, અણદાભાઈ પટેલ, મગનસિંહ વાઘેલા, કલેકટર જે.બી. વોરા, ડીડીઓ બી.જે. ભટ્ટ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ગરીબ કલ્યાણ મેળા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે નાણાંકીય વર્ષના આરંભે જ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી દીધું છે. ગરીબ કલ્યાણ મેળાના ભરચક આયોજનને પગલે સરકારે કૃષી મહોત્સવ જે અખાત્રીજ અર્થાત્ ૨૪ એપ્રિલથી શરૂ થતો હોય છે તે પાછળ લઈ જઈ હવે ૬ મે થી યોજવાનો નિર્ણય કર્યો છે.

આમ આગામી એપ્રિલમાં જ ગરીબ કલ્યાણ મેળાઓ સંપન્ન કર્યા બાદ મે માં કૃષિ મહોત્સવ તથા જુનમાં શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોનું ભરચક આયોજન કરી પ્રજા સાથેનો સંપર્ક સેતુ મજબુત બનાવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાના આયોજન અંગે અધિકારીઓની એક મહત્વની બેઠક જિલ્લા કલેક્ટરશ્રીએ સોમવારે સવારે કલેક્ટર કચેરી ખાતે બોલાવી છે.

# સાબરકાંઠા યુવક કોંગ્રેસ સરકાર વિરુધ્ધ જલદ કાર્યક્રમો આપશે

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસ સમિતિ તરફથી હિંમતનગર મુકામે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એપ્રિલ માસમાં યુવક કોંગ્રેસ તરફથી ભાજપ સરકાર વિરુધ્ધ આપનારા જલદ કાર્યક્રમોની રૂપરેખાની જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમોમાં બેફામ વધી રહેલા સીંગતેલના ભાવોને કાબુ કરવા ભાજપ સરકાર નિષ્ફળ ગઈ છે જે અંગે રેલી યોજવા બાળકોના અપહરણના વધી રહેલા બનાવો પર કાબુ મેળવવા અંગે, કેગના અહેવાલમાં રજુ થયેલા ભ્રષ્ટાચાર અંગે આવેદનપત્ર આપવા તથા મોક વિધાનસભા યોજવી જેવા જલદ કાર્યક્રમો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તથા તમામ કાર્યકરોને હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, પ્રદેશ પ્રભારી જીતુ રાયકા, રાજુ પારધી સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતાં.

રક્તદાન મહાદાન

## ડેપ્યુટી મેયરની ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્પોરેશનની બે માસ પછી મળી રહેલી આ સામાન્ય સભામાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાની મહત્વની બાબતને લઈ રાજકીય ઉત્તેજનાઓ જરૂર ઉભી થવા પામી છે. જો કે કોંગ્રેસ પક્ષે સ્ટેન્ડીંગ કે ડે. મેયરમાં કોઈ જ બદલાવ નહિ કરવાની પહેલેથી જાહેરાત કરી દીધી છે. ૧૮મી એપ્રિલે મળનારી આ સામાન્ય સભામાં આંતરિક ઓડિટરની નિમણુંક સહિતની અન્ય બાબતો અંગેની કાર્યવાહી પણ કરવામાં આવનાર છે.

ગાંધીનગર કોર્પોરેશનની રચનાને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું હોવાથી હવે આ ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.